647510 **BA06GujC022A** **Seat No :________**

# B.A. Semester - 6 (*CBCS*) Examination
## March/April-2026 (NEW COURSE)
## GUJ P22 Apathit: Kavya No Aswad (Core -22 (New))

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચે આપેલા કાવ્યનો આસ્વાદ કરાવો. (૧૪)

ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર?
નાની એવી જાતક વાતનો મચાવીએ નહિ શોર.
ભારનું વાહન કોણ બની રહે? નહિ અલૂણનું કામ,
આપણ તો બડભાગી, ખમીરનું આજ ગવાય રે ગાન;
સજલ મેઘની શાલપે સોહે રંગધનુષની કોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર?
જલભરી દૃગ સાગર પેખે, હસતી કમળ ફૂલ,
કોકડું છે પણ રેશમનું એનું ઝીણું વણાય દુકૂલ,
નિબિડ રાતનાં કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર?
આપણે ના કંઈ રંક, ભર્યો ભર્યો માંહ્યલો કોશ અપાર,
આવવા દો જેને આવવું, આપણે મૂલવશું નિરધાર,
આભ ઝરે ભલે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમ્હોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર?

--- રાજેન્દ્ર શાહ

અથવા

પ્રશ્ન-૧ નીચે આપેલા કાવ્યનો આસ્વાદ કરાવો.

વીજળીને ચમકારે મોતી પરોવવું પાનબાઈ!
નહિતર અચાનક અંધારાં થાશે;
જોતજોતાંમાં દિવસ વયા ગયા પાનબાઈ !
એકવીસ હજાર છસોને કાળ ખાશે ......વીજળીને
ભાઈ રે ! જાણ્યા જેવી આ તો અજાણ છે પાનબાઈ!
આ તો અધૂરિયાને નો કે'વાય,
આ ગુપત રસનો ખેલ છે અટપટો, આંટી મેલો તો પૂરણ સમજાય .... વીજળીને.
ભાઈ રે ! નિરમળ થૈને આવો મેદાનમાં પાનબાઈ!
જાણી લિયો જીવની જાત;
સજાતિ વિજાતિની જુગતિ બતાવું ને, બીબે પાડી દઉં બીજી ભાત ......વીજળીને
ભાઈ રે ! પિંડ બ્રહ્માંડથી પર છે ગુરુ પાનબાઈ!
તેનો દેખાડું હું તમને દેશ,
ગંગા રે સતી એમ બોલિયાં રે, ત્યાં નહિ માયાનો જરીયે લેશ ......વીજળીને

---- ગંગાસતી

પ્રશ્ન-૨ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

ડેમોક્રસી (લોકશાહી)નો વહેવારુ અર્થ માથાગણતરી એટલો જ થઇ ગયેલો છે. કોઈ એમ તો ન જ કહી શકે કે ઘણાં માથાં એટલે ઘણું ડહાપણ, માટે જે બાજુએ ઘણાં માથાં ઊંચાં થાય તે તે બાજુનો નિર્ણય વધારે ડાહ્યો. માથાં શા કામ માટે ઊંચાં થયાં છે એ મહત્ત્વનું છે, કેવળ કેટલાં માથાં ઊંચાં થયાં છે તે નહીં. ગંદા પાણીનાં પાંચ તળાવ કરતાં ચોખ્ખા પાણીનો એક નાનો વીરડો વધારે મહત્ત્વનો છે. વળી, ડેમોક્રસીમાં માત્ર ધારા ઘડનારા અને હુકમ ઘડનારાઓની જ ચૂંટણીઓ થાય છે. ધારાઓ અને હુકમોનો અમલ કરનારાઓ તો ચૂંટણીના ક્ષેત્રની બહાર હોય છે, અને તેમની ભરતી જુદી જ રીતે થતી હોય છે. અમલદારોની ભરતીનું ધોરણ જો સારા માણસો જ આવી શકે તેવાં પ્રકારનું ન હોય તો પ્રતિનિધિઓ સારા હોઈનેય વહીવટમાં ફરક ન પડે. માટે સારા જ પ્રતિનિધિઓ અને સારા અમલદારો શી રીતે નિમાય એ વિચારવું જેટલું મહત્ત્વનું છે, તેટલું અમુક રાજકીય પક્ષની બહુમતી શી રીતે થાય તે મહત્ત્વનું નથી અને બહુમતીથી જ સૌ બાબતોમાં નિર્ણય કરવો એ મહત્ત્વનું નથી.

--- કિશોરલાલ મશરૂવાળા

અથવા

પ્રશ્ન-૨ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો.

એકાગ્રતાની શક્તિ જેમ વધુ ને વધુ કેળવાતી જશે, તેમ તેમ વધુ ને વધુ જ્ઞાનપ્રાપ્તિ થતી જશે. જ્ઞાનપ્રાપ્તિનો આ જ માત્ર ઉપાય છે. બૂટપોલિશવાળો પણ જેટલો વધારે એકાગ્ર થશે, તેટલો તે જોડાને વધારે ચમકવાળા બનાવશે. એ જ રીતે એકાગ્રતાને લીધે રસોઈયો વધુ સારી રસોઈ બનાવશે. ધન મેળવવામાં, ઈશ્વરની આરાધના કરવામાં કે અન્ય કોઈ કાર્ય કરવામાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે તેટલું તે કાર્ય વધારે સારું થશે. માનવીની શક્તિઓને એકાગ્ર કર્યા સિવાય આ જગતમાનું બધું જ્ઞાન ક્યાં મેળવાયું છે? આપણે એનાં દ્વાર કેમ ખખડાવવાં તે જાણીએ, યોગ્ય પ્રહાર કેવી રીતે કરવો? તે પિછાણીએ, તો જગત તેનાં રહસ્યો આપણી સમક્ષ ખુલ્લાં કરવા તૈયાર છે. એકાગ્રતામાંથી આ પ્રકારનું બળ અને શક્તિ આવે છે.

--- સ્વામી વિવેકાનંદ

પ્રશ્ન-૩ નીચેનામાંથી કોઇ પણ એક વિષય પર નિબંધ લખો. (૧૪)

(૧) માતૃભાષા દ્વારા શિક્ષણ (૨) સાહિત્ય અને સમાજ

(૩) જૂનાગઢનો યાદગાર પ્રવાસ (૪) જો ત્રીજું વિશ્વયુદ્ધ થાય તો...

પ્રશ્ન-૪ અરજી લેખન કરો. (૧૪)

શક્તિસિંહ ઝાલા, 'તાંદુલ', યુનિવર્સિટી રોડ, રાજકોટના રહેવાસી રાજકોટ, મહાનગરપાલિકામાં સિટીબસ સેવા શરૂ કરાવવા માટેની વિગતને કેન્દ્રમાં રાખીને અરજી લેખન કરો.

અથવા

પ્રશ્ન-૪ અરજી લેખન કરો.

જનકભાઈ ડી. મકવાણા,'શિવકૃપા', ગણેશ નગર સોસાયટી, એમ. જી. રોડ,રાજકોટથી જૂનાગઢમાં નવા શરૂ થયેલા એફ. એમ. રેડિયો સ્ટેશનમાં રેડિયોજોકી તરીકે નોકરી કરવા ઈચ્છે છે. આ વિગતોને ધ્યાનમાં રાખીને અરજી લેખન કરો.

પ્રશ્ન-૫(અ) નીચે આપેલ કોઈ પણ એક વિષય ઉપર અહેવાલ લખો. (૦૭)

1) ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ, રાજકોટ ખાતે ટી. વાય. બી. એ. ના વિદ્યાર્થીઓને અપાયેલ વિદાય સમારંભનો અહેવાલ લખો.
2) માતૃશ્રી વીરબાઈ મહિલા કોલેજ, રાજકોટ ખાતે યોજાયેલા ટ્રાફિક નિયમો અંગે જાગૃતિ ફેલાવવા માટે યોજાયેલા કાર્યક્રમનો અહેવાલ લખો.

પ્રશ્ન-૫(બ) અર્થવિસ્તાર લખો. (કોઈપણ એક) (૦૭)

1) શમે ના વેરથી વેર, ટળે ના પાપથી પાપ,
   ઔષધ સર્વ દુઃખોનું, મૈત્રીભાવ સનાતન.
2) સૌન્દર્યો વેડફી દેતાં, ના ના સુંદરતા મળે,
   સૌન્દર્યો પામતાં પહેલાં, સૌન્દર્ય બનવું પડે

************************